ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

An International Multidisciplinary Research E-Journal

# 'મૂલ્યશિક્ષણ: સંકલ્પના અને હેતુઓ'

**Dr. Madhubhai Hirpara**

Darbar Gopaldas shikshan Mahavidyalaya,

Aliyabada


## ભૂમિકા:

છેલ્લા બે દાયકાઓથી દેશ અને દુનિયામાં મૂલ્યો, નીતિ અને ચારિત્ર્યના શિક્ષણમાં લોકોને નવેસરથી અને વધારે રસ પડયો છે. મૂલ્યોનું ધોવાણ અને હ્રાસ થયાની લૌકિક માન્યતા છે. મૂલ્યો એ તેમના શિક્ષણની તાત્ત્વિક મીમાંસાનો વિકાસ પૂર્વ અને પશ્ચિમ બન્ને સંસ્કૃતિઓમાં થયો છે. આ સંજોગોમાં આ પ્રકરણમાં મૂલ્યશિક્ષણ અથવા મૂલ્ય—અભિમુખ શિક્ષણ- Value-Oriented education અથવા મૂલ્ય-સંયોજિત શિક્ષણ- Value- integrated education) ની સંકલ્પના, મૂલ્યશિક્ષણના હેતુઓ અને વર્તમાન સમયમાં મૂલ્ય શિક્ષણની પ્રસ્તુતતા કે મહત્ત્વ વિશે રજૂઆત કરવાનો ઉપક્રમ છે. મૂલ્ય શિક્ષણ માટેની લૌકિક માંગના તાત્ત્વિક પ્રશ્નોને પણ અહીં આછેરો સ્પર્શ કર્યો છે.

## મૂલ્ય શિક્ષણની સંકલ્પના

મનોવૈજ્ઞાનિક દષ્ટિએ સંકલ્પના જે તે બાબતનાં અનિવાર્ય કે અગત્યનાં લક્ષણોનો સમૂહ છે. સંકલ્પનાની વ્યાખ્યા અનિવાર્ય લક્ષણોનું સ્પષ્ટીકરણ છે. સંકલ્પનાના સ્પષ્ટીકરણ કે વ્યાખ્યા માટે વિવિધ રીતોમાંથી એક રીત ગટમેનના પાર્શ્વ સિદ્ધાન્ત (Facet theory) ઉપર આધારિત આવરક વાકય (mapping sentence) ની રીત છે. (જુઓ રોઈડ ને હેલેડાયના, ૧૯૮૨, પૃ.૧૨૭–૧૪૪). આ રીત અનુસાર નીચેના આવરક વાકય વડે મૂલ્ય શિક્ષણ (એટલે કે મૂલ્ય અભિમુખ કે મૂલ્ય–સંયોજિત શિક્ષણ)ની સંકલ્પનાની વ્યાખ્યા આપી છે :

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal




## આકૃતિ નં.૧ મૂલ્યશિક્ષણની વ્યાખ્યા માટેનું આવરક વાકય:

આકૃતિ.૧માં રજૂ થયેલા આવરક વાક્યમાં મૂલ્ય શિક્ષણની વ્યાખ્યામાં વ્યક્ત થયેલાં મૂલ્યશિક્ષણની સંકલ્પનાનાં મહત્વનાં લક્ષણોનું હવે આપણે ક્રમશઃ સ્પષ્ટીકરણ કરીએ:

**મૂલ્ય શિક્ષણ ચોક્કસ પ્રકારનો વિકાસ છે.** શિક્ષણ એટલે અનુભવ દ્વારા વિકાસ, અને વિકાસ એટલે ઈચ્છનીય, અને અપેક્ષિત પરિવર્તન. તેથી અહીં મૂલ્યશિક્ષણ એ વિદ્યાર્થીના યોગ્ય પસંદગીના

નિયમોનાં જ્ઞાનાત્મક વગેરે ત્રિવિધ પાસાંઓમાં અધ્યયન અનુભવો દ્વારા થતું ઈચ્છનીય અને અપેક્ષિત પરિવર્તન છે. વળી, વિદ્યાર્થીમાં યોગ્ય પસંદગીના નિયમોનાં ત્રિવિધ પાસાંઓમાં થતું આ અપેક્ષિત પરિવર્તન વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને દુનિયા એ ચારે સ્તરના દષ્ટિકોણથી ઉપયોગી હોવું જોઈએ.

**મૂલ્ય એટલે પસન્દગીનો નિયમ:** એ ખાસ સમજવાનું છે કે મૂલ્ય મૂળભૂત રીતે પસન્દગી પાછળ કામ કરતો નિયમ છે. કોઈ વ્યક્તિનાં આર્થિક મૂલ્યો એટલે તેના જીવનમાં આર્થિક ક્ષેત્રમાં પસન્દગીઓ કરવાના નિયમો. મૂલ્યનું કેન્દ્ર પસંદગીઓ છે. મારાં મૂલ્યો એટલે મારી પસન્દગીઓ, તમારાં મૂલ્યો એટલે તમારી પસન્દગીઓ! પસન્દગીઓ આપા ગમાઅણગમાઓ છે. એટલે પસન્દગીઓ લાગણીઓ, ભાવનાઓ, અને સંવેગો સાથે વધારે જોડાયેલી છે. અતઃ જ્ઞાનાત્મક પાસું પણ હોય છે, અને પસન્દગીના નિયમને વ્યક્તિ પોતાના વર્તનમાં પણ અમલમાં મૂકે છે, તેથી તેને ક્રિયાત્મક પાસું પણ હોય છે. આથી આપણી પસન્દગીઓના યોગ્ય જ્ઞાન, ભાવ અને ક્રિયાનો વિકાસ અધ્યયન અનુભવો દ્વારા થાય ત્યારે તેને મૂલ્ય પસન્દગીઓના નિયમો છે.

**જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં પસન્દગીઓ: મૂલ્યોના વિવિધ પ્રકારો:** વિધાર્થી કે વ્યક્તિ પસન્દગીઓ જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં કરે છે. જુદાં જુદાં ક્ષેત્રોમાં પસન્દગીઓ તે જ આર્થિક મૂલ્યો, નૈતિક મૂલ્યો, સામાજિક મૂલ્યો વગેરે મૂલ્યોના વિવિધ પ્રકારો છે. સંજોગો અનુસાર વ્યક્તિ ક્ષેત્રો વચ્ચે પણ પસન્દગીઓ કરે છે. ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિ આર્થિક મૂલ્યોને બદલે નૈતિક મૂલ્યોને પ્રાધાન્ય આપે છે. અરે! વ્યક્તિ કેટલીક પસન્દગીઓ બધાં ક્ષેત્રોમાં કરે છે, ગમે તે ક્ષેત્ર હોય પણ વ્યક્તિ તે જ પસન્દગીઓ કરે છે. એથી સત્ય, પ્રામાણિકતા વગેરે સનાતન મૂલ્યો કહેવાય છે !

ક્ષેત્રોમાં, ક્ષેત્રો વચ્ચે, અને ક્ષેત્રોથી નિરપેક્ષ રહીને થતી પસન્દગીઓને આધારે મૂલ્યોના પ્રકારો પાડે છે. આ મુદ્દો સમજવાથી કોઈ નવા પ્રકારના મૂલ્યનું નામ સામ્ભળવાથી આપણને નવાઈ લાગતી નથી.

**પસન્દગીઓના નિયમોનાં એટલે કે મૂલ્યોનાં ત્રણ પાસાંઓ.** પસન્દગીઓના નિયમના સ્વરૂપમાં મૂલ્યને ત્રણ પાસાંઓ છે : જ્ઞાન, ભાવ અને ક્રિયા. વિદ્યાર્થી પસન્દગીનો નિયમ જાણે, તેને યોગ્ય પસન્દગીનો નિયમ ગમે, અને પ્રસંગ પડ્યે વિધાર્થી યોગ્ય પસન્દગીના નિયમને અમલમાં મૂકે, એ નિયમનું આચરણ કરી બતાવે ત્યારે તેનો મૂલ્યવિષયક વિકાસ થયો કહેવાય. શૈક્ષણિક મનોવૈજ્ઞાનિકો વિદ્યાર્થીના વર્તનનાં આ ત્રણ પાસાંઓ (જ્ઞાન, ભાવ અને ક્રિયા)ના અનુભવજન્ય વિકાસને શિક્ષણ કહે છે. તેથી શિક્ષણના સન્દર્ભમાં મૂલ્યનાં પણ આ ત્રણ પાસાં નોંધપાત્ર છે.

**પસન્દગીના સ્વરૂપમાં મૂલ્યોની યોગ્યતાના ચાર માપદંડો :** વિદ્યાર્થી કે વ્યક્તિનાં મૂલ્યો યોગ્ય છે તેમ કયારે કહેવાય ? મૂલ્યોની યોગ્યતાનું લક્ષણ અત્યન્ત મહત્ત્વનું છે. વિદ્યાર્થી પસન્દગીઓ યોગ્ય પણ કરે અને અયોગ્ય પણ કરે. યોગ્ય પસન્દગીઓના નિયમોનાં ત્રિવિધ પાસાંઓમાં અપેક્ષિત પરિવર્તન થાય તો જ મૂલ્ય શિક્ષણના નામને પાત્ર ઠરે. વિધાર્થીની પસન્દગી યોગ્ય છે કે નહિ તેનો નિર્ણય કરવા માટેના ચાર માપદંડો છે : પસન્દગી કે મૂલ્ય વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને દુનિયા. આ ચારે સ્તરોએ ઉપયોગી હોય,ચારેનાં હિતોની સાધના થતી હોય ત્યારે પસન્દગીઓના (નિયમોના) સ્વરૂપમાં મૂલ્યો યોગ્ય ગણાય.

**વિવિધ વિષયોના અધ્યયન અનુભવો દ્વારા મૂલ્ય શિક્ષણઃ** આપણે જોયું કે શિક્ષણ અનુભવ દ્વારા વિકાસ છે. વિદ્યાર્થીઓને મૂલ્યોનું શિક્ષણ વિવિધ વિષયોના અધ્યયન અનુભવો દ્વારા અપાય છે.

શાળા–કૉલેજના દરેક વિષયનો અભ્યાસક્રમ મૂલ્ય-આધારિત હોવો જોઈએ. વિદ્યાર્થીઓ અભ્યાસક્રમના ભાષાસાહિત્યથી માંડીને અર્થશાસ્ત્ર કે શારીરિક શિક્ષણ, સંગીત, નૃત્ય, પર્યાવરણ, વસ્તીશિક્ષણ ઇત્યાદિ વિષયો શીખવા માટેના અનુભવો મેળવે છે તે દરમિયાન જ તેમનામાં યોગ્ય પસન્દગીના નિયમોનાં ત્રિવિધ પાસાંઓમાં વિકાસ થાય છે, અને મૂલ્યોનું શિક્ષણ તેમને ખાસ અલગ વિષય તરીકે અપાતું નથી તે અર્થમાં મૂલ્યોનું શિક્ષણ મૂલ્ય-અભિમુખ કે મુલ્ય સંયોજિત શિક્ષણ છે. મૂલ્યો માટેનું શિક્ષણ બીજા વિષયોના શિક્ષણમાં જ ગૂંથાયેલું છે. મૂલ્યોના શિક્ષણનો આ અભિગમ નિષ્ણાતો, સંશોધકો અને UNESCOની દૃષ્ટિએ પણ વધારે અસરકારક જણાયો છે. (કાદરા, ૨૦૦૩). જો કે આ અભિગમ અભ્યાસક્રમના રચયિતાઓ, શિક્ષક પ્રશિક્ષકો (teacher educator), અને ખુદ શિક્ષકો માટે એક મોટો પડકાર બની રહે તેમ છે.

**શિક્ષણની તમામ કક્ષાઓએ મૂલ્ય શિક્ષણ :** શિક્ષણની વિવિધ કક્ષાઓ છે. પૂર્વ-પ્રાથમિક શિક્ષણની પહેલી કક્ષા છે. ઉચ્ચ શિક્ષણ (Higher Education) એટલે કે યુનિવર્સિટી અને તેની કૉલેજોમાં અપાતું શિક્ષણ સર્વોચ્ચ કક્ષા છે. મૂલ્ય શિક્ષણ આ બધી કક્ષાઓએ આપી શકાય અને આપવું જોઈએ. મૂલ્ય શિક્ષણનું સ્વરૂપ શિક્ષણની કક્ષાને અનુરૂપ હોય તે સ્વાભાવિક છે.

**મૂલ્ય શિક્ષણ બે પ્રકારના અભ્યાસક્રમોમાં :** અભ્યાસક્રમના બે પ્રકારો છે : પ્રત્યક્ષ અભ્યાસક્રમો અને દૂરવર્તી (distance) અભ્યાસક્રમો. શાળા-કૉલેજોમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ નિયત સ્થળે અને સમયે એકત્ર થાય છે અને શિક્ષકો વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ (direct) રીતે વિદ્યાર્થીઓ પોતાને અનુકૂળ સમયે અધ્યયન સાધનસામગ્રીઓની મદદથી મહદંશે જાતે શીખે છે. મૂલ્ય શિક્ષણ આ બન્ને પ્રકારના અભ્યાસક્રમોમાં પ્રવર્તી શકે.

આકૃતિ ૧માં મૂલ્યશિક્ષણની વ્યાખ્યા માટેના આવરક વાકયમાં મૂલ્ય શિક્ષણનાં અનિવાર્ય કે અગત્યનાં લક્ષણોનું આપણે સંક્ષેપમાં સ્પષ્ટીકરણ કર્યું. આવરક વાક્યમાં જેટલા કૌંસ છે તેટલાં પાર્શ્વ (Facets) મૂલ્ય શિક્ષણની સંકલ્પનાનાં છે. શિક્ષણની કક્ષા, અભ્યાસક્રમનો પ્રકાર, શિક્ષણનો વિષય, જીવનનું ક્ષેત્ર, પસન્દગીના નિયમનું પાસું, અને વિકાસની યોગ્યતા માટેનો દષ્ટિકોણ એ છ પાર્શ્વ છે. દરેક પાર્શ્વમાં જુદી જુદી સંખ્યાના વિકલ્પો છે; ઉદાહરણ તરીકે શિક્ષણની કક્ષાઓ છ છે.

## મૂલ્ય શિક્ષણના હેતુઓ :

હેતુ એટલે પ્રવૃત્તિનું અપેક્ષિત પરિણામ. શિક્ષણના હેતુઓ એટલે મૂલ્યોના શિક્ષણનાં અપેક્ષિત પરિણામો. બેન્જામિન બ્લૂમ અને તેમના સાથીદારોએ શૈક્ષણિક મનોવિજ્ઞાનની દષ્ટિથી શિક્ષણના હેતુઓના વર્ગીકરણ અને સ્પષ્ટીકરણની યોજનાઓ આપી છે તે ઘણી જાણીતી છે. (જુઓ ભોગાયતા, ૨૦૦૩, પૃ.૧૦૫–૧૦૯). મૂલ્યશિક્ષણના હેતુઓ આકૃતિ૧માં આવરક વાકયમાંથી પણ માર્ગદર્શન મળે તેમ છે.

બ્લૂમ અને તેમના સાથીદારોએ શૈક્ષણિક હેતુઓના મુખ્ય ત્રણ પ્રકારો કે ક્ષેત્રો દર્શાવ્યાં છે : જ્ઞાનાત્મક, ભાવાત્મક અને ક્રિયાત્મક. માનવવર્તનનાં આ ત્રણ મુખ્ય પાસાં હોવાથી હેતુઓના પણ ત્રણ પ્રકારો પાડયા છે. આના અનુસન્ધાનમાં મૂલ્ય શિક્ષણના મુખ્ય ત્રણ પ્રકારના હેતુઓ દર્શાવી શકાય : (૧) જ્ઞાનાત્મક હેતુઓ, (૨) ભાવાત્મક હેતુઓ, અને (૩) ક્રિયાત્મક હેતુઓ.

આ પ્રકરણમાં મૂલ્ય શિક્ષણની સંકલ્પનાનાં વિભાગમાં આપણે જોયું છે કે અધ્યયનના અનુભવો દ્વારા યોગ્ય પસન્દગીના નિયમોનાં જ્ઞાનાત્મક, ભાવાત્મક, અને ક્રિયાત્મક પાસાંઓમાં વિદ્યાર્થીનો વિકાસ (અપેક્ષિત પરિવર્તન) થાય તેને મૂલ્યશિક્ષણ કહેવાય. આમાંથી સ્પષ્ટ થાય છે કે

વિદ્યાર્થીમાં યોગ્ય પસન્દગીના નિયમોની ત્રિવિધ પાસાંઓમાં અપેક્ષિત પરિવર્તન થાય તે મૂલ્યશિક્ષણના હેતુઓ છે.

મૂલ્યશિક્ષણના હેતુઓના સ્પષ્ટીકરણ અને લેખનની બાબતમાં નિષ્ણાત મનોવૈજ્ઞાનિકોની વાત ધ્યાનમાં લેવા જેવી છે. ઉદાહરણ તરીકે, જુલી એસ.વર્ગાસ (૧૯૬૨, પૃ.૨૬)ના મતે વર્ણનાત્મક (behavioral) હેતુઓ નક્કી કરી શકાય તે રીતે મૂલ્યો માટેના શૈક્ષણિક હેતુઓ નક્કી કે સ્પષ્ટ ન કરી શકાય. 'વિદ્યાર્થી કાવ્યના તાસ દરમિયાન કાવ્યના સૌન્દર્યાત્મક મૂલ્યને વ્યક્ત કરતું સ્મિત કે હાસ્ય ઓછામાં ઓછા છ વખત કરશે' આ હેતુનું સ્પષ્ટીકરણ કેટલું હાસ્યાસ્પદ છે! સુપ્રસિદ્ધ મનોવૈજ્ઞાનિક રોબર્ટ ગેને (૧૯૮૫, પૃ.૨૪૭–૨૫૪) પણ મનોવલણો કે મૂલ્યોનાં શિક્ષણના પાઠમાં બીજા સોપાનમાં મૂલ્ય કે મનોવલણને લગતા હેતુ વિષે કથન કરવાની શિક્ષકને ના પાડે છે. (મનોવૈજ્ઞાનિકો મનોવલણો અને મૂલ્યોને એકબીજાના પર્યાય ગણે છે, તેથી તેમણે જે વાત મનોવલણો વિષે કહી હોય તે મૂલ્યોને પણ લાગુ પડે છે). મૂલ્યો મૂળભૂત રીતે પસન્દગીને નાતે ભાવાત્મક હોવાથી વિષયોની જ્ઞાનાત્મક સિદ્ધિ માટેના જ્ઞાનાત્મક હેતુઓનું સ્પષ્ટીકરણ કે લેખન થઈ ન શકે. મૂલ્ય શિક્ષણના હેતુઓ વિષે રજૂઆત કરતી વખતે ગણિત, વિજ્ઞાન જેવા મુખ્યત્વે જ્ઞાનાત્મક વિષયોના શૈક્ષણિક હેતુઓ તથા મૂલ્યોના મુખ્યત્વે ભાવાત્મક પાસાના શૈક્ષણિક હેતુઓ વચ્ચે રહેલો આ તાત્ત્વિક તફાવત ધ્યાનમાં રાખવો.

હવે આપણે મૂલ્યોના શિક્ષણના હેતુઓ વિષે તેનાં જ્ઞાનાત્મક, ભાવાત્મક અને ક્રિયાત્મક એ ત્રણે પાસાંઓ માટેની વર્ગીકરણની યોજનાઓ ક્રમશઃ વિચારીએ.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

An International Multidisciplinary Research E-Journal

**મૂલ્ય શિક્ષણના જ્ઞાનાત્મક હેતુઓ :** મૂલ્ય યોગ્ય પસન્દગીનો નિયમ છે. નિયમનું સ્વરૂપ જ્ઞાનાત્મક છે. તેથી બ્લૂમ અને તેમના સાથીદારોએ શિક્ષણના જ્ઞાનાત્મક હેતુઓના ક્રમશઃ ઉચ્ચતર એવા છ પ્રકારો દર્શાવ્યા છે. (જ્ઞાનાત્મક હેતુઓની શ્રેણી દર્શાવી છે) તે મૂલ્યના જ્ઞાનાત્મક એટલે કે નિયમના પાસાના શિક્ષણ માટે પણ લાગુ પાડી શકીએ. બ્લૂમ વગેરેએ જ્ઞાનાત્મક હેતુઓના છ ક્રમશઃ ઉચ્ચતર પ્રકારો દર્શાવ્યા છે : (૧) જ્ઞાનપ્રાપ્તિ, (૨) અર્થગ્રહણ કે સમજ, (૩) ઉપયોજન, (૪) વિશ્લેષણ કે પૃથ્થકરણ, (૫) સંશ્લેષણ, અને (૬) મૂલ્યાંકન. ઉદાહરણ તરીકે, માધ્યમિક શિક્ષણની કક્ષાએ પ્રત્યક્ષ અભ્યાસક્રમના અર્થશાસ્ત્ર વિષયમાં ગ્રાહક સુરક્ષા મૂલ્યના શિક્ષણ માટે ઉપર જણાવેલા છ જ્ઞાનાત્મક હેતુઓનાં સ્પષ્ટીકરણો આ પ્રમાણે હોઈ શકે -

વિદ્યાર્થી –

૧. ગ્રાહક સુરક્ષાના મૂલ્યને ઓળખે / યાદ કરે. (જ્ઞાનપ્રાપ્તિ)

૨. ગ્રાહક સુરક્ષા મૂલ્યને પોતાના શબ્દોમાં રજૂ કરે. (અર્થગ્રહણ કે સમજ)

૩. ગ્રાહક સુરક્ષા મૂલ્યને લગતા પોતાના જ્ઞાનનો ઉપયોગ કરીને આપેલી નવી સમસ્યા ઉકેલો. (ઉપયોજન)

૪. ગ્રાહક સુરક્ષા મૂલ્ય પ્રામાણિકતાના મૂલ્ય કરતાં કઈ રીતે જૂદું છે તે તારવે.

૫. ગ્રાહક સુરક્ષા મૂલ્ય વિષે પ્રાર્થના સભામાં ઓછામાં ઓછી ત્રણ મિનિટનું વક્તવ્ય આપે. (સંશ્લેષણ)

૬. ઉદાહરણમાં આપેલા ગ્રાહકના વર્તનને ગ્રાહક સુરક્ષા મૂલ્ય મુજબ મૂલવે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

An International Multidisciplinary Research E-Journal

(આ પ્રમાણે કોઈ પણ મૂલ્યના જ્ઞાનાત્મક પાસાના ક્રમશઃ છ ઉચ્ચતર શૈક્ષણિક હેતુઓનું લેખન કે સ્પષ્ટીકરણ કરી શકાય. વળી, છ જ્ઞાનાત્મક હેતુઓના વ્યક્ત કરતાં અનેક ક્રિયાપદો તથા ઉદાહરણોનો અભ્યાસ અનેક ક્રિયાપદો તથા ઉદાહરણોનો અભ્યાસ કરવો પડે. રોબર્ટ મેજર કે ગ્રોન્સુન્ડની રીત પ્રમાણે આ સ્પષ્ટીકરણો કરી શકાય. સ્થળ સમય સંકોચવશ એ રીતો અહીં દર્શાવી નથી.

આ માટે જુઓ ભોગાયતા, ૨૦૦૩, પૃ.૧૦૫–૧૧૩).

મૂલ્ય શિક્ષણના જ્ઞાનાત્મક હેતુઓ શિક્ષણને પરિણામે વિદ્યાર્થીઓ મૂલ્યો વિષયક જે જ્ઞાન મેળવે તેવી અપેક્ષા છે તે અપેક્ષાઓ દર્શાવે છે. મૂલ્યો મૂળભૂત રીતે પસન્દગીઓ હોવાથી મુખ્યત્વે તે ભાવાત્મક છે તે ખરું, પણ પસન્દગીઓ કરવામાં પણ વ્યક્તિ જ્ઞાનનો ઉપયોગ કરે છે તે હકીકતને આધારે મૂલ્ય શિક્ષણના જ્ઞાનાતમક હેતુઓ મહત્ત્વના છે. પસન્દગીઓ વ્યક્તિએ લીધેલા નિર્ણયો છે, અને નિર્ણયોની યોગ્યતાનો આધાર વ્યક્તિ પાસે તે અંગેનું જ્ઞાન કે માહિતી છે તેના પર હોય છે.

**મૂલ્ય શિક્ષણના ભાવાત્મક હેતુઓ :** બ્લૂમ અને તેમના સાથીદારોએ શિક્ષણના ભાવાત્મક હેતુઓના ક્રમશઃ ઉચ્ચતર એવા પાંચ પ્રકારો દર્શાવ્યા છે (ભાવાત્મક હેતુઓની શ્રેણિ દર્શાવી છે) તે મૂલ્યના ભાવાત્મક પાસાના શિક્ષણ માટે પણ લાગુ પાડી શકીએ. મનોવૈજ્ઞાનિકોની દષ્ટિએ લાગણીઓ, ભાવનાઓ, સંવેગો, મનોવલણો અને મૂલ્યો ભાવાત્મક બાબતો છે અને તે ગમાઅણગમાઓ વ્યક્ત કરે છે તથા પસન્દગીઓમાં પરિણમે છે. ભાવાત્મક હેતુઓના ક્રમશઃ ઉચ્ચતર પાંચ પ્રકારો આ પ્રમાણે છે : (૧) પ્રાપ્તિ (એટલે કે ધ્યાન આપવાની ઈચ્છા, સભાન થવું); (૨) પ્રતિભાવ આપવો (કોઈક બાબત પ્રત્યે હકારાત્મક કે નકારાત્મક પ્રતિભાવ આપવો, સ્વીકાર અથવા

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

An International Multidisciplinary Research E-Journal

અસ્વીકારને સૂચવતી સક્રિય ભાગીદારી કરવી કે ન કરવી); (૩) મૂલ્ય સ્વીકારવું (મહત્ત્વ દર્શાવતું મનોવલણ કે માન્યતા વ્યક્ત કરવી); (૪) સંગઠન (એટલે કે ચિત્તમાં એક વ્યવસ્થા કે તન્ત્રરૂપે મૂલ્યોની ઉપરનીચે ગોઠવણી કરવી, મૂલ્યો વચ્ચે સન્તુલન જાળવવું); અને (૫) મૂલ્ય કે મૂલ્યોને પોતાનું ચારિત્ર્ય બનાવી દેવું (આ સ્તરે મૂલ્યો કે પસન્દગીઓ એટલી આત્મસાત્ હોય છે કે તે વ્યક્તિની જીવનશૈલી બની જાય છે, અમુક રીતે વર્તવાનું વ્યક્તિ લગભગ કાયમી ધોરણે મનોવલણ અપનાવી લે છે, અને તે વ્યક્તિની તે ઓળખ બની જાય છે). ઉદાહરણ તરીકે, માધ્યમિક

કક્ષાએ પ્રત્યક્ષ અભ્યાસક્રમના અર્થશાસ્ત્રના વિષયમાં ગ્રાહક સુરક્ષા મૂલ્યના શિક્ષણ માટે ઉપર જણાવેલા પાંચ ભાવાત્મક હેતુઓનાં સ્પષ્ટીકરણો આ પ્રમાણે હોઈ શકે

**વિદ્યાર્થી –**

૧. ગ્રાહક સુરક્ષા પ્રત્યે ધ્યાન આપે, ગ્રાહકના અધિકારો પ્રત્યે સભાન બને.

૨. પોતાના શહેરમાં ગ્રાહક સુરક્ષા દિન નિમિત્તે યોજાયેલું પ્રદર્શન જોવા જાય.

૩. ગ્રાહક સુરક્ષાની તરફેણમાં ચર્ચાસભામાં તાર્કિક દલીલો રજૂ કરે

૪. પોતાની દૈનિક પ્રવૃત્તિઓ માટે સમયની ફાળવણી કરતી વખતે ગ્રાહક તરીકેની પોતાની સુરક્ષા કરવાની પ્રવૃત્તિઓ માટે જરૂરી સમય ફાળવે.

૫. ગ્રાહક તરીકે પોતાની સુરક્ષા હંમેશા કરે, ગ્રાહક તરીકે પોતાની સુરક્ષા થાય તે રીતે જીવન જીવે, ‘આ તો ગ્રાહક સુરક્ષાવાળો/સુરક્ષાવાળી' એવી છાપ ઊભી કરે.

અહીં એક બાબત ધ્યાનમાં રાખવાની છે. મૂલ્ય શિક્ષણના ભાવાત્મક હેતુઓનું સ્પષ્ટ કથન પાઠના આરમ્ભે કરવું નહિ, અન્યથા વિદ્યાર્થીઓના વર્તનમાં મૂલ્યોને દેખાડવાની કૃત્રિમતા આવશે. તેને બદલે પાઠના વસ્તુનિરૂપણના વિભાગમાં કોઈક વાસ્તવિક કે કાલ્પનિક માનવમોડલ રજૂ કરીને તેના દ્વારા જે તે મૂલ્યને અનુરૂપ પસન્દગીઓ તે માનવમોડલ કરે તેવું બતાવવું અને પસન્દગીઓ વડે પ્રસન્નતા કે સુખ જેવાં સુદઢીકરણો માનવમોડલ પ્રાપ્ત કરે છે તેવું જોવાની તક વિદ્યાર્થીઓને આપવી. મૂલ્યના ભાવાત્મક હેતુઓને સિદ્ધ કરવા માટેના શૈક્ષણિક પાઠનું આયોજન અને અમલ શિવધનુષભંગ જેવો પડકાર છે.

**મૂલ્ય શિક્ષણના ક્રિયાત્મક હેતુઓ :** વિદ્યાર્થી મૂલ્યનો પોતાના વર્તનમાં, વ્યવહારમાં અમલ કરે, મૂલ્યનું આચરણ કરે એ અપેક્ષા કે હેતુ મૂલ્ય શિક્ષણને હોય છે. આચરણ વિના મૂલ્યો નિરર્થક છે. મૂલ્યોને વ્યવહારમાં આચરવા માટે વ્યક્તિએ કેટલીક પ્રવૃત્તિઓ કે કામ કરવા પડે. એ પ્રવૃત્તિઓ કે કામ મુખ્યત્વે શારીરિક હોય છે. પણ એ શારીરિક પ્રવૃત્તિઓ કે કામ સામાન્ય હોય છે. મૂલ્યોના આચરણ માટે વ્યક્તિએ વિશિષ્ટ શારીરિક કૌશલો હસ્તગત કરવાના હોતાં નથી. વિદ્યાર્થીએ સ્વાભાવિક રીતે પ્રવૃત્તિઓ અને કામ કરવા માટે જે શારીરિક કૌશલો શીખેલાં હોય તે મૂલ્યના આચરણ માટેનાં વર્તનો કરવામાં પણ ઉપયોગી થાય છે. તેથી મૂલ્ય શિક્ષણના વિશિષ્ટ ક્રિયાત્મક હેતુઓનું નિર્ધારણ અને સ્પષ્ટીકરણ કરવાની જરૂર રહેતી નથી. હા, મૂલ્યને આચરણમાં મૂકવાનો વિદ્યાર્થીનો ઈરાદો હોવો જોઈએ, વિવિધ મૂલ્યો વચ્ચેના તુમુલ સંઘર્ષની પળે વિદ્યાર્થી યોગ્ય મૂલ્યને પ્રાધાન્ય આપીને તેને અનુરૂપ આચરણ કરે તેવી અપેક્ષા શિક્ષણમાં હોય તે સહજ છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

An International Multidisciplinary Research E-Journal

સ્કૂટર ચલાવવું, તબલાંવાદન કરવું, ક્રિકેટમાં બેટિંગ કરવું જેવા શારીરિક ક્રિયાત્મક ક્ષેત્રના હેતુઓની ક્રમિક શ્રેણિ આપી છે (જુઓ ભોગાયતા, ૨૦૦૩, પૃ.૧૦૮–૧૦૯). પરન્તુ એ શ્રેણિ મૂલ્ય શિક્ષણના ક્રિયાત્મક હેતુઓ માટે પ્રસ્તુત ન હોવાથી અહીં રજૂ કરી નથી.

## ઉપસંહાર

વર્તમાન સમાજ માટે મૂલ્ય શિક્ષણ પ્રસ્તુત અને મહત્ત્વનું છે. પણ એકલું શિક્ષણ આધુનિક માનવ સમાજમાં મૂલ્યોનો પ્રશ્ન ઉકેલવા પૂરું સફળ થાય તેમ નથી. એ વિષે પણ આપણે નિર્ભ્રાન્ત થવું રહ્યું. માનવીય મૂલ્યોની વિડમ્બના કરનારી પરિસ્થિતિમાં પરિવર્તનો લાવવાં પણ એટલાં જ જરૂરી છે. ઘણીવાર ચતુર રાજનેતાઓ અને પ્રસાર માધ્યમો પ્રશ્નોનાં મૂળ ઉપરથી બીજે ધ્યાન વાળવા અને પોતાની જવાબદારી ખંખેરી નાખવા આપણને મૂલ્યોના શિક્ષણ માટેનું ગૌરવ પકડાવી દે છે અને પછી સમાજમાં મૂલ્યોના ધોવાણ માટે શિક્ષણને જવાબદાર ઠેરવીને શિક્ષણ સુધારવાના એક નવા ચક્રનું નેતૃત્વ લઈ લે છે. આપણે શિક્ષક પ્રશિક્ષકો (Teacher Educators) એ આ વિષે પૂરી જાગૃતિ કેળવવી પડશે અને બીજાઓએ આપણા માટે તૈયાર કરેલા એજન્ડામા * સમતુલા લાવવી પડશે.

વળી, આપણે મૂલ્યોના શિક્ષણના અભિગમ, પદ્ધતિ, અને પ્રયુક્તિોનો કોયડો પ ઉકેલવો પડશે. આ સન્દર્ભમાં સુપ્રસિદ્ધ શૈક્ષણિક મનોવિજ્ઞાની અને શૈક્ષણિક ટેક્નોલજિસ્ટ રોબર્ટ ગેનેએ મૂલ્યોના શિક્ષણની નિષ્ફળતા માટે વિદ્યાર્થીઓ સમક્ષ યોગ્ય માનવ મોડલના અભાવ તરફ આપણું ધ્યાન ખેંચ્યું છે, તે આપણે યાદ રાખીશું ને? (જુઓ ગેને, ૧૯૮૫).

## સંદર્ભસૂચિ

1 Dhokalia, R.P. (2003). Core values and responsibilities and quality of human life. Journal of Value Education. 3(1), 17-26.

2 Gagne', R.M. (1985). The conditions of learning (4h ed.). New York: Holt. Rinehart & Winston.

3 Kalra, R.M. (2003). Value-oriented education in schools: Theory and Practice Delhi: Shipra.

4 Quisumbing. L.R. (2001, June). The value/attitudes dimension in quality education. Paper presented at the International Forum on Quality Education. Beijing. People's Republic of China (available online.)

5 Roid. G. IH, & IHaladyna, T.N. (1982). A technology for test-item writing. New York: Academic.

6 Vegas, J.S. (1972). Writing worthwhile behavioral objectives. New York: Harper & Row.

7 ભોગાયતા, ચં. (૨૦૦૩). અધ્યાપન પ્રયોજિત મનોવિજ્ઞાન. અમદાવાદ: પાર્શ્વ.

8 ભાવનગરના શ્રી ગુલાબરાય હ. સંઘવી શિક્ષણ મહાવિદ્યાલયમાં યુજીસીના આશ્રયે મૂલ્યાભિમુખ શિક્ષણ વિષયક રાજય સ્તરના ત્રિ–દિવસીય સેમિનારમાં તા.૧૧-૦૧-૨૦૦૬ના રોજ રજૂ થયેલ લેખ.